વાદ-વિવાદ માટે ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે
દર મહિનાની ૧૦ અને ૨૫મી તારીખે પ્રગટ થતું પાક્ષિક
Webportal : www.aazadkalam.com
R.N.I. NO. .: GUJGUJ/2022/83095
UDAYM-GJ-01-0271461

# આઝાદ કલમ
(પાક્ષિક)

EDITOR : KRIPASHANKAR H. VERMA (M. 98259 30418)
EDITOR IN CHIEF : HAMIRBHAI N. PARMAR (M. 81601 42707)
AAZAD KALAM (Fortnightly)

VOL.NO. : 3 ★ Issue No. : 15 ★ DATE : 25-1-2025, Saturday ★ PAGE : 4 ★ PRICE : 2/- ★ Annual Subcription : 50/-

Place of Publication : 262, Shri Ganeshnagar, Visat Cross Road, Sabarmati, Ahmedabad-380005 ★ E-mail : aazadkalam6522@gmail.com

# ગુજરાતના શ્રધ્ધાળુઓને પ્રયાગરાજ મહાકુંભમાં આસ્થાની પવિત્ર ડુબકી માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો સકારાત્મક નિર્ણય

ગુજરાતથી દરરોજ એસી વોલ્વો બસ પ્રયાગરાજ ઉપડશે : મંત્રી હર્ષ સંઘવી. ૩ રાત્રિ/૪ દિવસનું પ્રતિ વ્યક્તિ પેકેજ માત્ર રૂ. ૮૧૦૦/-

આગામી ૨૭મી જાન્યુઆરી - ૨૦૨૫થી સોમવારથી આ સેવા શરુ કરવામાં આવશે. પ્રથમ દિવસે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગર સર્કીટ ખાતેથી યાત્રાને પ્રસ્થાન કરાવશે.

સોમવારથી દરરોજ સવારે ૭ વાગ્યે રાણીપ એસ.ટી ડેપો, અમદાવાદ ખાતેથી એસી વોલ્વો બસ પ્રયાગરાજ જવા નિકળશે






હિન્દુ સનાતન ધર્મમાં મહાકુંભનું વિશેષ મહત્વ છે, જે ૧૪૪ વર્ષમાં માત્ર એકવાર આવે છે. આ અવસર પર શ્રદ્ધાળુઓ માટે મહાકુંભની યાત્રા સરળ બનાવવા રાજ્ય સરકારે દરરોજ ગુજરાતથી પ્રયાગરાજ એસી વોલ્વો બસનું સંચાલન કરવા અનોખી પહેલ કરી છે, જે ગુજરાતવાસીઓ માટે રાજ્ય સરકારની શ્રદ્ધા અને સમર્પણ દર્શાવે છે.

પ્રયાગરાજ ખાતે જઈને ગુજરાતના શ્રધ્ધાળુઓ મહાકુંભમાં આસ્થાની ડુબકી લગાવી શકે તે માટે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા અને વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ સંયુકત રીતે એક સકારાત્મક નિર્ણય લીધો છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ગુજરાતથી દરરોજ એસી વોલ્વો બસ પ્રયાગરાજ ઉપાડવાનો નિર્ણય લઈ શ્રધ્ધાળુને રાત્રિ રોકાણ અને બસ મુસાફરી સાથેનું ઈકોનોમી પેકેજ તૈયાર કરવામાં આવ્યુ છે.

ત્યારબાદ દરરોજ સવારે ૭ વાગ્યે રાણીપ એસ.ટી ડેપો, અમદાવાદ ખાતેથી દરરોજ એસી વોલ્વો બસ પ્રયાગરાજ જવા નિકળશે.

માત્ર રૂ. ૮૧૦૦ માં પ્રતિ વ્યક્તિ ૩ રાત્રિ/૪ દિવસનું પેકેજ ગુજરાતના શ્રધ્ધાળુઓ માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ અને પ્રવાસન નિગમના સંયુક્ત ઉપક્રમે તૈયાર કરવામાં આવ્યુ છે.

આ પેકેજમાં તમામ ૩ રાત્રિ માટે રોકાણ અને બસ મુસાફરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રયાગરાજ ખાતે રાત્રિ રોકાણ ગુજરાત પેવેલિયનની ડોરમેટરી ખાતે કરવામાં આવ્યું છે.

પ્રયાગરાજ પેકેજનું ઓનલાઈન બુકિંગ તાઃ ૨૫/૦૧/૨૦૨૫ થી એસ.ટી નિગમની વેબસાઈટ www.gsrtc.in મારફતે કરી શકાશે.

રાજ્ય સરકાર દ્વારા રાજ્યની જનતાને પવિત્ર મહાકુંભનો લાભ લેવા નમ્ર પ્રયાસ કર્યો છે આમ છતાં પ્રયાગરાજ મુકામે યાત્રિકો મોટી માત્રામાં પધારતા હોઈ સમય અને સુવિધામાં પરિસ્થિતિ અનુસાર ફેરફાર થવાની શકયતા છે.

## ધ્વજ વંદનમાં રાજ્યપાલ અને મુખ્યમંત્રી રહેશે ઉપસ્થિત

# ૨૬મી જાન્યુઆરીએ રાજ્યકક્ષાની ઉજવણી તાપી ખાતે યોજવામાં આવશે

અમદાવાદ,

દિલ્હી સહિત દેશભરમાં ૭૬માં પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરાશે, ત્યારે ગુજરાતમાં આગામી ૨૬મી જાન્યુઆરીએ રાજ્યકક્ષાની ઉજવણી તાપી ખાતે યોજવામાં આવશે. આ પ્રસંગે રાજ્યપાલના હસ્તે અને મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ધ્વજ વંદન સમારોહ કરવામાં આવશે. જ્યારે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, રાજયકક્ષાના મંત્રીઓ અને કલેક્ટરોના અધ્યક્ષ સ્થાને વિવિધ જિલ્લામાં ધ્વજ વંદન સમારોહ યોજાશે. રાજ્યના વિવિધ જિલ્લામાં મંત્રીઓ આગામી ૨૬મી જાન્યુઆરીએ ધ્વજ વંદન કરશે. જેમાં કેબિનેટ મંત્રીઓમાં વલસાડમાં કનુભાઈ દેસાઈ, બનાસકાંઠામાં ઋષિકેશ પટેલ, રાજકોટમાં રાઘવજીભાઈ પટેલ, મહેસાણામાં બળવંતસિંહ રાજપૂત, બોટાદમાં કુંવરજીભાઈ બાવળિયા, જામનગરમાં મુળુભાઈ બેરા, ભાવનગરમાં ડૉ. કુબેરભાઈ ડીંડોર અને અમદાવાદમાં ભાનુબેન બાબરિયા ધ્વજ વંદન કરશે.

જ્યારે રાજ્ય કક્ષાના મંત્રીઓમાં ગાંધીનગરમાં હર્ષ સંઘવી, ખેડામાં જગદીશ વિશ્વકર્મા, ગીર સોમનાથમાં પરશોત્તમભાઈ સોલંકી, દાહોદમાં બચુભાઈ ખાબડ, નવસારીમાં મુકેશભાઈ પટેલ, સુરતમાં પ્રફુલ પાનશેરીયા, છોટા ઉદેપુરમાં ભીખુસિંહજી પરમાર અને ભરૂચમાં કુંવરજીભાઈ હળપતિ ધ્વજ વંદન કરશે.

આ ઉપરાંત સુરેન્દ્રનગર, આણંદ, પોરબંદર, અમરેલી, જૂનાગઢ, કચ્છ, વડોદરા, નર્મદા, મહીસાગર, ડાંગ, પાટણ, દેવભૂમિ દ્વારકા, અરવલ્લી અને મોરબી ખાતે સંબંધિત જિલ્લાના કલેક્ટરોના હસ્તે ધ્વજ વંદન સમારોહ યોજાશે.

દિલ્હી ખાતે ૭૬માં પ્રજાસત્તાક દિવેસ પરેડ સહિત વિવિધ રાજયો દ્વારા અલગ-અલગ થીમ આધારિત ટેબ્લોની પ્રસ્તૃતિ કરવામાં આવે છે. જેમાં ૨૧ જાન્યુઆરીએ દિલ્હી ખાતે ટેબ્લોમાં રજૂ થનારા સાંસ્કૃતિક કાર્યક્રમોની યોજાયેલી સ્પર્ધામાં ગુજરાતના સાંસ્કૃતિક ટેબ્લોને ત્રીજો નંબર મળ્યો હતો.



### આવાસ યોજનામાં કૌભાંડના બનાવો પ્રકાશમાં આવી રહ્યા છે

# રાજકોટમાં આવાસ યોજના હેઠળ ફ્લેટ ભાડે આપવાના મામલે મનપા દ્વારા મોટી કાર્યવાહી

રાજકોટ,

રાજકોટમાં આવાસ યોજના હેઠળ ફ્લેટ ભાડે આપવાના મામલે મહાનગરપાલિકા દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. રાજકોટમાં મ્યુનિસિપલ કોર્પોરેશને ભાડા માટે ૯ ફ્લેટ સીલ કર્યા છે. મહાનગરપાલિકાએ શ્રી રામ ટાઉનશીપમાં ૩ ફ્લેટ માલિકો અને શ્રી જીજાબાઈ ટાઉનશીપમાં ૬ ફ્લેટ માલિકો સામે કાર્યવાહી કરી છે.

મૂળ લાભાર્થીઓએ અન્ય વ્યક્તિઓને ફ્લેટ ભાડે આપ્યા હોવાની માહિતી મળ્યા બાદ મહાનગરપાલિકા દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. ફ્લેટ ભાડે આપનાર મૂળ લાભાર્થી દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે. લાભાર્થીઓ પૈસા કમાવવા માટે ફ્લેટ ભાડે આપી રહ્યા છે.

રાજકોટના વિવિધ વિસ્તારોમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મોટાભાગના મકાનો બનાવવામાં આવ્યા છે જેથી લોકોને પોતાનું ઘર મળી શકે, પરંતુ આ આવાસ યોજનામાં કૌભાંડના બનાવો પ્રકાશમાં આવી રહ્યા છે. શહેરના ફિટબેલ પાર્ટી પ્લોટ પાસેની કોલોનીમાં ફ્લેટ મેળવનારા લાભાર્થીઓને કોર્પોરેશને આ ફ્લેટ ભાડે આપ્યા હતા, જ્યારે બીજી તરફ કેટલાક લાભાર્થીઓએ સુખદેવ બસ્તી સહિત અન્ય કોલોનીઓમાં રોકાણ માટે ફ્લેટ આપ્યા હોવાનું સામે આવ્યું છે.

જોકે, હવે રાજકોટના આ આવાસોમાં કૌભાંડની આવી ઘટનાઓ જોવા મળી છે. રાજકોટ કોર્પોરેશન દ્વારા શહેરના સ્પીડવેલ પાર્ટી પ્લોટ નજીક સીતાજી ટાઉનશીપમાં ૬ ઘરોને સીલ કરવામાં આવ્યા હતા. આ મકાનો લાંબા સમયથી ભાડા પર આપવામાં આવી રહ્યા હોવાથી, કોર્પોરેશનની ટીમ દ્વારા અહીં નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને લાભાર્થીઓને મકાનો મળી ગયા છે. તેઓ આ ફ્લેટ ભાડે આપી રહ્યા હોવાનું જાણવા મળ્યું અને કોર્પોરેશનની ટીમે આ ફ્લેટ સીલ કરવાની કાર્યવાહી કરી.

બીજી બાજું, સામે આવ્યું છે કે કેટલાક લાભાર્થીઓએ રોકાણ માટે મકાનો ખરીદ્યા છે. રાજકોટમાં સુખદેવ ટાઉનશીપનું નિર્માણ વર્ષ ૨૦૨૩ માં થયું હતું. તો આ ટાઉનશીપમાં ૪૦૦ થી વધુ ફ્લેટ છે. જેમાં લગભગ ૪૦ ફ્લેટ એવા છે જે લાંબા સમયથી બંધ છે.

જ્યારે કોર્પોરેશનના નિયમો એવા છે કે જેમના નામે કોઈ મિલકત નથી અને જેમને જરૂર છે, તેમને જ આ આવાસમાં ફ્લેટ મળે છે. પરંતુ કોર્પોરેશનના અધિકારીઓની મિલીભગતથી આ આવાસ યોજનામાં ૪૦ થી વધુ ફ્લેટ રોકાણ માટે લેવામાં આવ્યા છે. સ્થાનિક લોકોએ એમ પણ કહ્યું કે અહીં નિયમો વિરુદ્ધ કૌભાંડ કરવામાં આવ્યું છે. જેના કારણે કોર્પોરેશનના અધિકારીઓ પર અનેક પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. હાલમાં જે લોકોને ઘરની જરૂર છે તેમને ઘર નથી મળી રહ્યું અને જે લોકોને તેની જરૂર નથી તેઓ પૈસા રોકીને અહીં ઘર મેળવી રહ્યા છે, તેથી મોટો પ્રશ્ન એ ઉભો થયો છે કે આ યોજના કોની મિલીભગતથી બનાવવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે રાજકોટના વિવિધ વિસ્તારોમાં કોર્પોરેશન દ્વારા મોટી સંખ્યામાં આવાસ યોજનાઓ બનાવવામાં આવી છે, પરંતુ તાજેતરમાં એવું બહાર આવ્યું છે કે આમાંથી ઘણા મકાનો જર્જરિત અને બંધ હાલતમાં છે. હવે આ કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે.

# કોટામાં NEET ની તૈયારી કરતી અમદાવાદની યુવતીનો આપઘાત

કોટા,

રાજસ્થાનના કોટા જિલ્લામાં બુધવારે બપોરે વધુ એક વિદ્યાર્થીએ આત્મહત્યા કરી હતી. આ ઘટના શહેરના જવાહર નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની છે, જ્યાં વિદ્યાર્થી અફશા શેખ નામની યુવતીએ પંખા સાથે લટકીને આત્મહત્યા કરી હતી. આપઘાત કરી લેનાર અફશા ગુજરાતના અમદાવાદ શહેરની રહેવાસી હતી અને છ મહિના પહેલા કોટા આવી હતી જેથી તે રાજીવ નગર વિસ્તારમાં આવેલી હોસ્ટેલમાં રહીને NEET પરીક્ષાની તૈયારી કરી શકે. અફશાનો મૃતદેહ હોસ્ટેલના રૂમમાં પંખાથી લટકતો મળી આવ્યો હતો, જેને પોલીસે એમબીએસ હોસ્પિટલના પીએમ રૂમમાં રાખ્યો હતો. પોલીસે કેસ નોંધીને તપાસ શરૂ કરી છે.

કોટામાં વર્ષ ૨૦૨૫માં આ ૫મો વિદ્યાર્થી આત્મહત્યાનો મામલો છે, જે એક મહિનામાં બન્યો છે. આ પહેલા ૮ જાન્યુઆરી, ૯ જાન્યુઆરી, ૧૫ જાન્યુઆરી અને ૧૮ જાન્યુઆરીએ કોટામાં કોચિંગ કરતા વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હતી.

રાજસ્થાનના શિક્ષણ મંત્રી મદન દિલાવરે આ બાબત પર ચિંતા વ્યક્ત કરી છે અને કહ્યું છે કે બાળકો પર અભ્યાસનું દબાણ અને તેમની ક્ષમતા કરતા વધુ અપેક્ષાઓ રાખવાને કારણે આ સ્થિતિ સર્જાઈ રહી છે. તેમણે વાલીઓને અપીલ કરી છે કે તેઓ તેમના બાળકોની માનસિક સ્થિતિ સમજે અને તેમના પર દબાણ ન કરે.

રાજસ્થાનના શિક્ષણ મંત્રીએ હાલમાં જ એક કાર્યક્રમમાં કહ્યું હતું કે કેટલાક કિસ્સાઓમાં 'પ્રેમપ્રકરણ' પણ બાળકોની આત્મહત્યાનું કારણ બની શકે છે. તેમણે વાલીઓને તેમના બાળકોની પ્રવૃત્તિઓ અને દિનચર્યા પર નજર રાખવા અપીલ કરી છે. વર્ષ ૨૦૨૪ માં, કોટામાં વિદ્યાર્થીની આત્મહત્યાના ૧૭ કેસ નોંધાયા હતા, જે છેલ્લા કેટલાક વર્ષોની તુલનામાં સૌથી ઓછા હતા. પરંતુ ૨૦૨૫ના પહેલા મહિનામાં ૫ બાળકોના આત્મહત્યાના કારણે વહીવટીતંત્ર અને સરકારની ચિંતા વધી ગઈ છે.

# ટ્રમ્પે જન્મજાત નાગરિકતા ખત્મ કરતાં લાખો ભારતીયોને અસર

વોશિંગ્ટન,

ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના પ્રમુખપદ સંભાળ્યાના પહેલા જ દિવસે અનેક એક્ઝિક્યુટિવ ઓર્ડર પસાર કર્યા હતાં. આમાં પેરિસ ક્લાયમેટ એગ્રીમેન્ટ અને વિશ્વ આરોગ્ય સંગઠનમાંથી અમેરિકાને બહાર કાઢવા, ટિકટોકને ૭૫ દિવસનો સમય આપવા, મોતની સજાને ફરીથી બહાલી આપવા અને માફી આપવાની શક્તિનો ઉપયોગ સહિતના અનેક નિર્ણયોનો સમાવેશ થાય છે. લાખો ભારતીયોને સૌથી વધુ અસર કરે તેવા એક આદેશમાં તેમણે બિન-કાયમી નિવાસીઓના બાળકોને આપોઆપ મળતી નાગરિકતાને ખતમ કરવાની જાહેરાત કરી હતી. જન્મજાત નાગરિકતા બંધ કરવાનો નિર્ણય અમેરિકાની ઈમિગ્રેશન નીતિમાં મોટો ફેરફાર દર્શાવે છે. આ નિર્ણયનો અમલ ૩૦ દિવસમાં થશે. જોકે આ નિર્ણયને કોર્ટમાં પણ પડકારવામાં આવ્યો છે. જન્મજાત નાગરિકતા સમાપ્ત કરવાના એક્ઝિક્યુટિવ ઓર્ડર પર ટ્રમ્પે હસ્તાક્ષર કર્યાના થોડા કલાકોમાં જ ન્યૂ હેમ્પશાયરમાં ઈમિગ્રેશન એડવોકેટ્સે તેમની સામે કેસ દાખલ કર્યો છે.ટ્રમ્પના એક્ઝિક્યુટિવ ઓર્ડરમાં જણાવાયું હતું કે જો માતાપિતામાંથી કોઈ એક અમેરિકન નાગરિક નહીં હોય તો યુ.એસ.માં જન્મેલા બાળકોને તેમની સરકાર દ્વારા નાગરિક તરીકે માન્યતા આપવામાં આવશે નહીં. જો ટ્રમ્પના નિર્ણયનો અમલ થશે તો અમેરિકામાં વર્ક વિઝા કે ટુરિસ્ટ વિઝા પર રહેતા ભારતીય માતાપિતાના ત્યાં જન્મેલા બાળકને આપોઆપ અમેરિકાની નાગરિકતા મળશે નહીં. એક્ઝિક્યુટિવ ઓર્ડરનો હેતુ દેશમાં બર્થ ટુરિઝમને સમાપ્ત કરવાનો છે. જન્મજાત નાગરિકતા એક કાનૂની સિદ્ધાંત છે, જે હેઠળ માતાપિતા કોઈપણ દેશના હોય પણ બાળક જે દેશમાં જન્મે છે તે દેશની આપોઆપ નાગરિકતા મળે છે. માતાપિતા કાયદેસર અમેરિકામાં રહે છે કે નહીં તેને પણ ધ્યાનમાં રાખવામાં આવતું નથી. અમેરિકાના બંધારણમાં ૧૪મો સુધારો હેઠળ યુએસની ધરતી પર જન્મેલા લગભગ તમામ બાળકોને આપોઆપ નાગરિકતા મળે છે. ઈમિગ્રેશનને ડામવા માટે ટ્રમ્પે યુએસ-મેક્સિકો સરહદ પર રાષ્ટ્રીય કટોકટી પણ જાહેર કરી હતી. માર્કો રુબિયોને યુએસ સેનેટ દ્વારા સેક્રેટરી ઓફ સ્ટેટ તરીકે નીમ્યા બાદ ટ્રમ્પે એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા હતા.

### સુરત શિક્ષણ સમિતિની ગંભીર બેદરકારી

# રિહેબિલિટેશન કામગીરી દરમિયાન શાળા ચાલુ રખાતાં ઝોન દ્વારા પાલિકાની શાળાને નોટિસ

## જોકે, નોટિસ આપ્યા બાદ પણ હજુ સુધી શાળાને ખસેડવામાં આવી નથી અને વધુ સમય માંગવામાં આવી રહ્યો છે

સુરત,

સુરત પાલિકાના અડાજણ વિસ્તારની પાલિકાની શાળાના રિહેબિલિટેશનની કામગીરી દરમિયાન પણ શાળાના વર્ગ ચાલુ રાખવામાં આવે છે. શિક્ષણ સમિતિની આ ગંભીર બેદરકારીને કારણે રાંદેર ઝોન દ્વારા શાળાના મુખ્ય શિક્ષકને નોટિસ આપીને શાળા શિફ્ટ કરવા જણાવ્યું છે. જોકે, આટલી ગંભીર સ્થિતિ છતાં હજુ પણ શાળા દ્વારા સ્થળાંતર માટે સમયની માંગણી કરવામાં આવી છે. સુરત પાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની અડાજણ વિસ્તારમા આવેલી શાળા ક્રમાંક ૮૮ ના સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી સામે પ્રશ્ન હતો. પાલિકાના રાંદેર ઝોનમાં અડાજણ વિસ્તારમાં શાળા ક્રમાંક ૮૮ આવી છે. આ શાળામાં જર્જરિત સ્ટ્રક્ચર છે તેને દુર કરીને રિહેબિલિટેશન કરવા માટે કન્સલ્ટન્ટ દ્વારા અભિપ્રાય આપવામાં આવ્યો હતો. જેના માટે ૧.૦૩ કરોડનો અંદાજ મંજુર કર્યા બાદ હાલમાં રિહેબિલિટેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. શિક્ષણ સમિતિની શાળા નંબર ૮૮ કંચનલાલ મામાવાળા શાળામાં સ્ટ્રક્ચર સ્ટેબિલિટીની કામગીરી ચાલે છે જેમાં ફાયર સેફટીના સાધનો રેઢિયાર હાલતમાં પડ્યા હોવાની ફરિયાદ કરવામાં આવી હતી. આ ફરિયાદ બાદ પાલિકા તંત્ર પણ જાગ્યું છે.

પાલિકાના રાંદેર ઝોન દ્વારા શાળાના આચાર્યને નોટિસ ફટકારવામાં આવી છે. આ નોટિસમાં જણાવાયું છે કે, હાલ સ્થળ પર સ્ટ્રકચરલ રિહેબિલિટેશન કામગીરી પ્રગતિ હેઠળ છે. સદર સ્ટ્રકચરલ રિહેબિલિટેશન કામગીરી દરમિયાન હાલમાં શાળામાં બાળકોનો અભ્યાસ પણ ચાલુ રાખવામાં આવેલ છે. રિહેબિલિટેશનની કામગીરી ચાલુ હોય તેના કારણે શાળામાં ફાયર સેફટીના સાધનો નડતરરૂપ હોય, તેમને ફરી ઉપયોગમાં લઈ શકાય તે મુજબ દૂર કરવામાં આવ્યા છે. આવા સમયે જો કોઈ દુર્ઘટના થાય કે આગ લાગે તો જાન હાની થાય તેવી શક્યતા છે. ફાયર સેફટીના અભાવને કારણે કોઈ મોટી દુર્ઘટના ન ઘટે તથા બાળકો સાથે કોઈ જાનહાનિની ઘટના ન બને તેની સાવધાની રૂપે શાળાને ખાલી કરાવવા તથા બાળકોનો અભ્યાસ અન્ય જગ્યાએ સ્થળાંતર કરવા જણાવવામાં આવે છે તેવું નોટિસમાં જણાવ્યું છે.

જોકે, નોટિસ આપ્યા બાદ પણ હજુ સુધી શાળાને ખસેડવામાં આવી નથી અને વધુ સમય માંગવામાં આવી રહ્યો છે. જો આ સમય દરમિયાન કોઈ દુર્ઘટના થાય તો જવાબદારી કોની તે ચર્ચાનો વિષય બન્યો છે.

### મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો છે

# સુરતના વાવમાં પરીક્ષા દરમિયાન ઉમેદવારનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ

સુરત,

સુરતના વાવમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને લોકરક્ષક કેડરની ભરતી પરીક્ષા દરમિયાન એક ઉમેદવારનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ થતાં ચકચાર મચી ગઈ છે. પોલીસ, તબીબોની ટીમ ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી શરૂ કરી છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો છે. વાલિયા SRP ફોર્સ ગ્રુપ-૧૦માં પોલીસ કોન્સ્ટેબલ તરીકે કાર્યરત ૩૬ વર્ષીય સંજય કુમાર રસિકભાઈ ગામિતે PSI ભરતી પરીક્ષા આપી હતી. સવારે ૪:૪૫ વાગ્યે પહેલી બેચમાં ૫ કિમી દોડ દરમિયાન, ૧૨મા રાઉન્ડમાં દોડતી વખતે તે અચાનક બેભાન થઈને પડી ગયો. ફરજ પરના ડૉ. ચિરાગ કટારિયાએ તાત્કાલિક CPR, ઓક્સિજન અને દવા આપીને પ્રાથમિક સારવાર આપી હતી, પરંતુ જ્યારે તેમની હાલત ગંભીર બની ત્યારે તેમને સવારે ૫:૦૫ વાગ્યે ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ખોલેવાડની દીનબંધુ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સવારે ૫:૩૦ વાગ્યે ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા.

તાપી જિલ્લાના વ્યારા તાલુકાના ચિખલવાવના રહેવાસી મૃતક સંજય કુમારના પરિવારના સભ્યોને આ ઘટનાની જાણ કરવામાં આવી છે. મૃતદેહને વધુ પ્રક્રિયા માટે CHC હોસ્પિટલ કામરેજ મોકલવામાં આવ્યો છે. આ દુ:ખદ ઘટનાથી પોલીસ વિભાગમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

## તંત્રીલેખ...

### ભારત પર સાઈબર હુમલાનો ખતરો! ચીને હેકર્સની ફોજ તૈયાર કરી જે બેન્કોને બનાવી શકે નિશાન

ભારતીય સરહદે ચીનની અવળચંડાઇ હજુ ખતમ નથી થઇ, ખુદ ભારતીય સૈન્યના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું છે કે ચીન સાથે સરહદે વિવાદ ખતમ નથી થયો, જેને પગલે હાલ ભારતીય જવાનોને સરહદેથી હટાવવામાં નહીં આવે. આ અહેવાલો વચ્ચે હવે અન્ય એક ખતરનાક માહિતી સામે આવી છે. ચીન એવા હેકર્સની આખી ફૌજ તૈયાર કરી રહ્યું છે જેનો ઉપયોગ ભારત સહિતના પાડોશી દેશોમાં આર્થિક સ્થિતિ ડામાડોળ કરવા માટે થઇ શકે છે. આ હેકર્સ ભારતીયોને નિશાન બનાવીને મોટી રકમ પડાવી રહ્યા છે. એટલુ જ નહીં ચીનમાં અન્ય દેશોને ટાર્ગેટ કરવા માટે હેકર્સને વિશેષ તાલિમ પણ અપાઇ રહી હોવાનો ખુલાસો થયો છે. દરમિયાન જાપાન પર ચીની હેકર્સ દ્વારા ૨૦૦ જેટલા સાઇબર હુમલાનો રિપોર્ટ સામે આવ્યો છે. તમિલનાડુના તિરુચિરાપલ્લીનો રહેવાસી મેકેનિકલ એન્જિનિયર વિગ્નેશ્વર મુરુગનંધમ ચીનના હેકિંગ સ્કેમની લપેટમાં આવી ગયો હતો. તેની તાજેતરમાં ધરપકડ કરાતા આ સમગ્ર ખુલાસો થયો છે. તેની પૂછપરછમાં ચીન કઇ રીતે હેકર્સની ફૌજ તૈયાર કરી રહ્યું છે તે સામે આવ્યું છે. વિગ્નેશ્વરે જાપાનના કેટલાક લોકોને ડિજિટલ એરેસ્ટ કર્યા હતા, જે બદલ તેની ધરપકડ કરાઇ હતી. તેણે પૂછપરછમાં ખુલાસો કર્યો છે કે મને ઓનલાઇન ચીનના કેટલાક લોકોનો સંપર્ક થયો હતો. આ ચીનના લોકોએ મને કંબોડિયામાં કામ કરવાની લાલચ આપી હતી. જેને પગલે હું વર્ષ ૨૦૨૪માં કંબોડિયા જતો રહ્યો. મને મોટી સંખ્યામાં ભારતીય બેન્કોમાં ખાતા ખોલવાનું કહેવામાં આવ્યું હતું. મને એક હોટેલમાં રાખવામાં આવ્યો, શરૂઆતમાં મારાથી બધુ છુપાવવામાં આવ્યું. મારા માલિકે મને નહોતુ જણાવ્યું કે આ ખાતા દ્વારા મોટી રકમની હેરાફેરી થઇ રહી હતી. વિગ્નેશ્વર મુરુગનંધમે વધુમાં મોટો ખુલાસો કરતા કહ્યું હતું કે હું હેકિંગ અને ડિજિટલ એરેસ્ટના અપરાધની દુનિયામાં એકલો નહોતો, મારી સાથે ચીનના અનેક લોકો જોડાયેલા હતા. આ તમામ ચીની નાગરિકો ચીનના પાડોશી ભારત સહિતના દેશોને નિશાન બનાવી રહ્યા હતા. તેઓ ભારતીયો પાસેથી રૂપિયા પડાવવાનો ટાર્ગેટ આપતા હતા. આ ચીનની ગેંગ ખુદને એક કંપની તરીકે ઓળખાવતી હતી અને હરરોજ મારા જેવા અનેક લોકો તૈયાર કરાતા હતા. કંપનીના નામે તૈયાર કરાયેલા આ કેમ્પોમાં ભારતીયોને નોકરીની લાલચમાં લવાતા હતા. મને ભારતીય બેંકોના ખાતાઓની વ્યવસ્થા અને તેને મેનેજ કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. મારા જેવાની એક આખી ગેંગ તૈયાર કરાઇ હતી જેઓ ટેલિગ્રામ મેસેજિંગ એપથી સંપર્કમાં રહેતા હતા. બાદમાં વિગ્નેશ્વર કંબોડિયા છોડીને ભારત આવી ગયો જોકે ભારત આવતા જ તેને દિલ્હી પોલીસે પકડી લીધો હતો. ડીસીપી સુરેન્દ્ર ચૌધરીએ જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા વિગ્નેશ્વરની સાથે ચીનના અનેક લોકો જોડાયેલા છે. તેઓ કંબોડિયામાં આર્થિક અપરાધો માટે વિશેષ તાલિમ આપી રહ્યા છે. ચીનના આ અપરાધીઓ ભારતીય અર્થતંત્રને ડામાડોળ કરવાની ફિરાકમાં હોઇ શકે છે. વર્ષ ૨૦૧૯થી ૨૦૨૪ દરમિયાન ચીનના હેકર્સે જાપાન પર ૨૦૦ જેટલા સાઇબર હુમલા કર્યા છે અને અનેક સરકારી એજન્સીઓ અને વિભાગના ડેટા તફડાવ્યા હતા.

## નવી મનપામાં વર્ગ ૧ અને ૨ની જગ્યાઓ પર ભરતી જાહેર થશે

અમદાવાદ,

ગુજરાતમાં ૯ નવી મહાનગર પાલિકાની સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. જેમાં મોરબી, સુરેન્દ્રનગર, આણંદ, નડિયાદ, વાપી, નવસારી, મહેસાણા, ગાંધીધામ અને પોરબંદરને મહાનગર પાલિકાનો દરજ્જો આપવામાં આવ્યો હતો. જ્યારે રાજ્ય સરકારે નવી જાહેર કરાયેલી મહાનગર પાલિકાઓમાં ભરતીને લઈને જગ્યા ભરવા માટે મંજૂરી આપવામાં આવી છે.

આ મામલ GPSCના ચેરમેન હસમુખ પટેલે સોશિયલ મીડિયા માધ્યમ 'X' પર પોસ્ટ કરીને જણાવ્યું કે, 'રાજ્યની મહાનગરપાલિકાઓની વર્ગ ૧ અને ૨ની જગ્યાઓ જીપીએસસી દ્વારા ભરવા રાજ્ય સરકારનો નિર્ણય. જગ્યાઓની વિગતો પ્રાપ્ત થતા આયોગ ભરતીની કાર્યવાહી ઝડપથી શરૂ કરશે.'ગુજરાતમાં અગાઉ નગર પાલિકાઓમાં અને મહા નગરપાલિકામાં ભરતીમાં ગેરરીતિઓ બહાર આવી હતી. નડીયાદ નગરપાલિકામાં ભરતીમાં લાંબુ લિસ્ટ છેક રિજનલ કમિશનર સુધી પહોંચ્યું હતું. જેમાં ભરતીમાં ગેરરીતિનો આક્ષેપ થયો હતો. વર્ગ ૧ અને વર્ગ ૨ જેવી જગ્યાઓ પર ભરતીમાં ભ્રષ્ટાચાર અટકે અને ગુણવત્તા યુક્ત ઉમેદવારોની ભરતી થઈ શકે તે માટે GPSC જેવી સંસ્થાને કામગીરી સરકાર દ્વારા સોંપવામાં આવે છે. GPSC પાસે ભરતી પ્રક્રિયાની એક સ્ટાન્ડર્ડ પ્લેટફોર્મ હોય, ભરતી પ્રક્રિયા ટ્રાન્સપેરેન્ટ અને ઝડપી બને છે.આ ઉપરાંત હજુ મહા નગરપાલિકાઓ વચ્ચે કર્મચારીઓ-અધિકારીઓની બદલી ન થતી હોવાથી હવે નવી બનેલી મહા નગરપાલિકાઓમાં અનુભવી સ્ટાફની અછત રહેશે.

### કેબિનેટ મંત્રીઓ સાથે કરી પૂજા-અર્ચના

# મુખ્યમંત્રી યોગીએ ત્રિવેણી સંગમમાં કર્યું શાહી સ્નાન

## મુખ્યમંત્રીએ ત્રણ નવી મેડિકલ કોલેજ બનાવવાની જાહેરાત કરી અને કહ્યું કે પ્રદેશમાં રોકાણના પણ ઘણા પ્રસ્તાવ આવ્યા છે



પ્રયાગરાજ,

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આજે ૨૨ જાન્યુઆરી બુધવારે પોતાના કેબિનેટ મંત્રીઓની સાથે પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ દરમિયાન ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી. યુપી સરકારના મંત્રીઓનો ગંગા સ્નાનનો વીડિયો પણ સામે આવ્યો છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પ્રયાગરાજમાં મહાકુંભ ૨૦૨૫માં એક વિશેષ કેબિનેટ બેઠકની અધ્યક્ષતા કરી. યુપીના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યએ કહ્યું કે અહીં આજે કેબિનેટની બેઠક થઈ છે જેમાં મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા છે. આજે પવિત્ર સંગમમાં સ્નાન કરીને હું ગંગા અને યમુનાને પ્રણામ કરું છું... અખિલેશ યાદવજીને માનસિક અને દ્રષ્ટિ દોષ થઈ ગયો છે. તેની સારી રીતે સારવાર કરાવો. કુંભના સમયે આવા નિવેદન આપવા, અહીં રાજકારણ કરવું ખૂબ ખરાબ વાત છે. હું પ્રાર્થના કરીશ કે ભગવાન તેમને સદ્‌બુદ્ધિ આપે. પ્રયાગરાજ મહાકુંભમાં યુપી કેબિનેટની બેઠક બાદ સીએમ યોગીએ ઘણી મોટી જાહેરાતો કરી છે. મુખ્યમંત્રીએ રાજ્યમાં ત્રણ નવી મેડિકલ કોલેજ બનાવવાની જાહેરાત કરી અને કહ્યું કે પ્રદેશમાં રોકાણના પણ ઘણા પ્રસ્તાવ આવ્યા છે. આ દરમિયાન પ્રયાગરાજ, વારાણસી અને આગ્રાને મોટી ભેટ આપી છે.

સીએમ યોગી આદિત્યનાથે કહ્યું કે મહાકુંભમાં અત્યાર સુધી ૯.૧૫ કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ સંગમમાં આસ્થાની ડુબકી લગાવી છે. સમગ્ર મંત્રી પરિષદ તરફથી મહાકુંભમાં આવતાં તમામ ભકતો શ્રદ્ધાળુઓનું સ્વાગત છે. આજની બેઠકમાં ઘણા મુદ્દા પર ચર્ચા થઈ. પ્રદેશના વિકાસ સાથે જોડાયેલા નીતિગત નિર્ણય થયા છે. તેમાં ત્રણ જિલ્લામાં મેડિકલ કોલેજ બનાવવા પર મોહર લગાવાઈ છે. જે હેઠળ બાગપત, હાથરસ અને કાસગંજમાં મેડિકલ કોલેજ બનાવવામાં આવશે.

ઉત્તર પ્રદેશની એરોસ્પેસ અને ડિફેન્સ સંબંધિત પોલિસીને ૫ વર્ષ પૂરા થઈ ચૂક્યા છે. જે બાદ હવે આને નવી રીતે બનાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. એફડીઆઈ અંતર્ગત જે રોકાણ થયું છે તેમાં ઈન્સેન્ટિવ આપવાનું કામ કરવામાં આવશે. યુવાનોને સ્માર્ટફોન અને ટેબલેટ આપવા માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રયાગરાજ અત્યારે વૈશ્વિક મંચ પર છવાયેલું નજર આવી રહ્યું છે. પ્રયાગરાજ, વારાણસી અને આગ્રાના મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ત્રણેયનું બોન્ડ જાહેર થશે. અત્યાર સુધી લખનૌ અને ગાઝિયાબાદનો બોન્ડ જાહેર થયો હતો. તેના સારા રિઝલ્ટ આવ્યા હતાં.

સીએમ યોગીએ આગળ કહ્યું કે લખનૌમાં સ્ટેટ કેપિટલ રીજન લખનૌ અને તેની આસપાસના જિલ્લાને મળીને વિકાસના આવા જ પ્રયાગરાજ અને ચિત્રકૂટને મળીને એક ડેવલપમેન્ટ રીજન બનાવીશું. તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે જે મહત્ત્વપૂર્ણ હશે તે એક ગંગા એક્સપ્રેસવેનું એક્સટેન્શન અમે લોકો આપીશું. ગંગા એક્સપ્રેસવે પ્રયાગરાજથી મિર્ઝાપુરથી ભદોહી થતાં સંત રવિદાસ નગર થતાં આ કાશી, ચંદોલી, વારાણસી અને ગાઝીપુરમાં પૂર્વાંચલ એક્સપ્રેસવે સાથે જોડશે. આ સિવાય વારાણસી અને ચંદોલીથી આ એક્સપ્રેસવે સોનભદ્રને જોડતા નેશનલ હાઈવે સાથે જોડશે. આ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની દ્રષ્ટિથી મોટું કામ છે.

વારાણસી વિંધ્ય ડેવલપમેન્ટ રીજનનું કામ શરૂ કરશે. યમુના નદી પર એક સિગ્નેચર બ્રિજની સાથે એક નવો બ્રિજ બનાવવાની સહમતિ આપવામાં આવી છે. તેનાથી પ્રયાગરાજના વિકાસને લઈને આજે ચર્ચા કરવામાં આવી છે અને તેને સૈદ્ધાંતિક સહમતિ પણ આપવામાં આવી છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની સાથે નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય, બ્રજેશ પાઠક અને અન્ય કેબિનેટ મંત્રીઓએ પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ દરમિયાન ત્રિવેણી સંગમ પર પૂજા-અર્ચના કરી.

### વાંધા સૂચનો પર ચર્ચા પછી નિર્ણય : રાજ્ય સરકાર

# રાજ્યમાં જંત્રીના ભાવ ઘટાડવા મુદ્દે સરકારને ૬૧% જેટલી અરજીઓ મળી

ગાંધીનગર,

ઋષિકેશ પટેલ દ્વારા કેબિનેટ બેઠક મુદ્દે માહિતી આપવામાં આવી હતી જેમાં આવનાર રાજ્યના વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટ મુદ્દે ચર્ચા થઈ હતી. જેમાં કુલ ૨૭ બેઠક થશે અને કામકાજના ૨૬ દિવસો રહેશે. ૨૦ નવેમ્બર ૨૦૨૪ ના રોજ, જાહેર હિતમાં ઓન લાઈન ઓફ લાઈન વાંધા અરજીઓ સ્વીકારવામાં આવી હતી. જેમાં શહેરમાંથી ૫૪૦૦ અને ગ્રામ્યમાંથી ૫૬૦૦ વાંધા અરજીઓ આવી છે. ૧૧,૦૪૬ અરજીઓ મળી છે જેમાં ૬૧% જેટલી અરજીઓ જંત્રીના રેટ ઘટાડવાની મળી છે.

જ્યારે જંત્રીના દર વધારે છે એવી ૧૭૫૩ અરજી કરવામાં આવી છે. એટલું જ નહી જંત્રીના દર ઓછાથી વધારવાની પણ અરજીઓ પણ મળી છે. તમામ અરજીઓને કમિટી સલાહ સૂચન સાથે વિગતે રાજ્ય સરકારને મોકલશે. ત્યારબાદ આગામી દિવસોમાં જંત્રીને લઇને અંતિમ નિર્ણય લેવાશે.

ઋષિકેશ પટેલે જણાવ્યું કે રાજ્ય સરકારને મળેલા વાંધા સૂચનો પર ચર્ચા કરીને પછી જંત્રી મુદ્દે નિર્ણય લેવામાં આવશે. તેમણે જણાવ્યું કે જિલ્લા લેવલે સ્ક્રૂટિની થયા બાદ આ અરજીઓ મળી છે. રાજ્ય કક્ષાએ આખરી થયેથી આની જાહેરાત કરવામાં આવશે. ભાજપના ધારાસભ્ય અરવિંદ લડાની દ્વારા કરવામા આવેલા આક્ષેપ જેમાં રાજકોટમાં મગફળી ખરીદીમાં ભ્રષ્ટાચાર મુદ્દે ઋષિકેશ પટેલે જણાવ્યું કે આ મુદ્દે ફરીયાદની ગ્રેવીટી જોયા બાદ કાર્યવાહી કરવામાં આવશે.

ખેડા અને બનાસકાંઠા જિલ્લામાં ચૂંટણી થવાની હતી જેમાં બનાસકાંઠા જિલ્લાનું નવસર્જન થતાં અને ખેડા જિલ્લા પંચાયતના નડિયાદ મહાનગરપાલિકામાં ૧૦ જેટલાં ગામો ભળી જતાં પુનઃ ગઠન થવાનું હોય ચૂંટણી જાહેર કરવામાં આવી નથી.

### ચૂંટણી કમિશનર ડૉ. એસ. મુરલીકૃષ્ણએ ચૂંટણીઓની જાહેરાત કરી

# ગુજરાતમાં લોકલ સ્વરાજ્યની ચૂંટણી માટેની જાહેરાત કરવામાં આવી

## રાજ્યમાં ૨૭ જાન્યુઆરી ૨૦૨૫એ જાહેરનામું પ્રસિદ્ધ થશે. ઉમેદવારી પત્રક ૧ ફેબ્રુઆરીથી ભરવામાં આવશે, અને ૩ ફેબ્રુઆરીએ ઉમેદવારી પત્રકની ચકાસણી કરવામાં આવશે

અમદાવાદ,૯

ગુજરાતમાં લોકલ સ્વરાજ્યની ચૂંટણી માટેની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યમાં ૨૭ જાન્યુઆરી ૨૦૨૫એ જાહેરનામું પ્રસિદ્ધ થશે. ઉમેદવારી પત્રક ૧ ફેબ્રુઆરીથી ભરવામાં આવશે, અને ૩ ફેબ્રુઆરીએ ઉમેદવારી પત્રકની ચકાસણી કરવામાં આવશે. ૪ ફેબ્રુઆરી ૨૦૨૫, ઉમેદવારી પત્રક પરત ખેંચવાની છેલ્લી તારીખ રહેશે. ૧૬ ફેબ્રુઆરીએ મતદાન કરવામાં આવશે, અને ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫એ મતગણતરી થશે. આ ચુંટણીમાં ૨૭% BC અનામતનો અમલ કરવામાં આવશે. આ ચૂંટણી ૧ મનપા, ૬૬ નગરપાલિકાઓ અને ૩ તાલુકા પંચાયતો માટે યોજાશે, જેમાં કુલ ૨૧૭૮ બેઠકો પર મતદાન થશે. અમદાવાદની બાવળા, સાણંદ, ધંધુકા પાલિકાની ચૂંટણીની તારીખો જાહેર થશે. ઉપરાંત ગાંધીનગરની માણસા, ખેડાની મહેમદાવાદ, ડાકોર, ચકલાસી, મહુધા, આણંદની આંકલાવ, બોરિયાવી, ઓડ, મહિસાગરની લુણાવાડા, સંતરામપુર, બાલાસિનોર, સાબરકાંઠાની ખેડબ્રહ્મા, પ્રાંતિજ, તલોદ, પાટણની હારીજ, ચાણસ્મા, રાધનપુર, મહેસાણાની ખેરાલુ, વડનગર, બનાસકાંઠાની ધાનેરા, વડોદરાની કરજણ, છોટાઉદેપુર, દાહોદની ઝાલોદ અને દેવગઢ બારિયા, પંચમહાલની કાલોલ, હાલોલ, નવસારીની બિલીમોરા, વલસાડ, પારડી, ધરમપુર, જામનગરની જામજોધપુર, ધ્રોલ, કાલાવડ, દ્વારકાની સલાયા, દ્વારકા, ભાણવડ પાલિકાની યોજાશે.

ઉપરાંત જૂનાગઢની બાંટવા, વિસાવદર, માણાવદર, વંથલી પાલિકાની ચૂંટણીની તારીખો આજે જાહેર કરાશે. જૂનાગઢની માંગરોળ, ચોરવાડ, ગીર સોમનાથના કોડીનાર, કચ્છની રાપર, ભચાઉ પાલિકાની ચૂંટણીની તારીખ જાહેર થશે. અમરેલીની લાઠી, ચલાલા, જાફરાબાદ, રાજુલા પાલિકાની ચૂંટણી જાહેર થશે. ભાવનગરની સિહોર, ગારિયાધાર, તળાજા પાલિકાની ચૂંટણી યોજાશે. તદપરાંત રાજકોટની જસદણ, ભાયાવદર, જેતપુર, ઉપલેટા, ધોરાજી પાલિકાની પણ ચૂંટણી યોજાશે. મોરબીની હળવદ પાલિકાની પણ ચૂંટણી યોજાશે, પોરબંદરની કુતિયાણા, રાણાવાવ પાલિકા ઉપરાંત બોટાદ, મોરબીની વાંકાનેર પાલિકાની પેટાચૂંટણી યોજાશે, કુલ ૬૯ પાલિકા અને ૧ મહાનગર પાલિકની ચૂંટણીની ટાઈમ ટેબલ જાહેર થયું છે.

### અમિત શાહે કુંભ મેળમાં સૌને જોડાવાની અપીલ કરી

# હિન્દુ આધ્યાત્મિક મેળાનું કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કર્યું ઉદઘાટન

અમદાવાદ,

હિન્દુ આધ્યાત્મિક અને સેવા સંસ્થાન દ્વારા આજથી એટલે ૨૩ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન વસ્ત્રાપુર જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળો યોજાયો છે. કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહે આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અખિલ ભારતીય કાર્યકારિણી સદસ્ય સુરેશ ભૈયાજી જોશી, સ્વામી પરમાત્માનંદ સરસ્વતીજી, લીંબડી નિંબાર્કપીઠના મહામંડલેશ્વર ૧૦૦૮ લલિત કિશોરદાસજી મહારાજ, છારોડી સ્વામિનારાયણ ગુરુકુળના સ્વામી માધવ પ્રિયદાસજી તેમજ વિવિધ સંપ્રદાયના સાધુ સંતો પણ જોડાયા હતા. મહત્વનુંછે કે, આજથી શરૂ થયેલા મેળામાં વિભિન્ન સાંસ્કૃતિક, ધાર્મિક અને સર્જનાત્મક વિષયોનું સુંદર સમન્વય કરવામાં આવ્યું છે. ૧૧ કુંડી સમરસતા યજ્ઞશાળા, ૧૧થી વધુ મુખ્ય મંદિરોનું જીવંત દર્શન, ૧૫થી વધારે મુખ્ય મંદિરોની પ્રતિકૃતિ, કુંભ મેળા દર્શન, ગંગા આરતી, આદિવાસી સંસ્કૃતિ દર્શાવતું વનવાસી ગ્રામ આદિ મેળામાં ઝાંખી મૂકવામાં આવી છે.




આજથી શરૂ થયેલા કેન્દ્રીય મેળાના ઉદ્‌ઘાટન પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સંબોધન કર્યું હતું. જેમાં તેમણે નેતાજી સુભાષચંદ્ર બોઝને યાદ કર્યા હતા. તેમજ જણાવ્યુંહતુંકે, "સૌથી પહેલા નેતાજીને પ્રણામ કરી મારી વાતની શરૂઆત કરું છું. નેતાજી ૯૦ વર્ષના આઝાદીના સંગ્રામમાં ધ્રુવ તારાની જેમ રહ્યા છે. સમગ્ર જીવન ત્યાગ આઝાદી માટે સમર્પિત કર્યું. નેતાજીને હું ફરીવાર પ્રણામ કરું છું. આવતા પહેલા થોડું ચક્કર લગાવીને હું આવ્યો ૨૦૦થી વધુ સેવા કરવાવાળી સંસ્થાઓને એક મંચ પર લાવવાનું કામ આયોજકોએ કર્યું છે."

આ સાથે તેમણે જણાવ્યું છે કે, "આ હિન્દુ મેળામાં રાણી અહિલ્યાબાઈનો પણ સ્ટોલ છે. તેમણે ૨૦ ધર્મસ્થાનોને પુનઃ જીવિત કરવાનું કામ કર્યું હતું. ૩૦૦ વર્ષ ખૂબ મોટી માત્રામાં ઉજવવામાં આવ્યા છે. ત્યારે આ મેળામાં પણ એમને સ્થાન આપ્યુંછે. જે જ્ઞાનવર્ધક થશે એનો મને વિશ્વાસ છે."

અમિત શાહે પોતાના સંબોધનમાં મહાકુંભ અંગે જણાવ્યું હતું કે, "હાલ ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં ચાલતા કુંભ મેળામાં ગુજરાતીઓને જવા માટેની અપીલ કરતા કહ્યુંહતુંકે, પ્રયાગરાજમાં મહાકુંભ ચાલે છે. ૧૪૪ વર્ષ પછી પ્રયાગરાજમાં ફરી મહાકુંભ થયો છે. અનેક એમ્બેસેડર જોડે વાત થઈ એમને મેં કહ્યું, ત્યાં જવા માટે કોઈ નિમંત્રણ પત્રિકા નથી. સરકારની કામગીરી રામસેતુ ખિસકોલી જેટલી હોય છે. સૌ ગુજરાતીઓને કહું છું કે, મહાકુંભ ઘણા લોકોના નસીબમાં નથી આવતો ઘણાના અનેક જન્મો સુધી નથી આવતો, તમારા નસીબમાં મહાકુંભ છે તો જરૂર જવું જોઈએ. મહાકુંભ માટે કોઈ ફાઈવસ્ટાર હોટલમાં નથી રોકાતા ટેન્ટમાં ઠંડીમાં રહે છે, કુંભમાં નામ, ધર્મ, જાતિ નથી પૂછાતી. સ્નાનના દિવસે લોકો મોઢું જોયા વિના ગંગામાં ડૂબકી લગાવો. હું ૯ કુંભમાં જઈ આવ્યો છું અને હવે ૨૭ જાન્યુઆરીએ ૧૦માં કુંભમાં જઈશ. સૌ ગુજરાતીઓને હું અપીલ કરું છું કે, કુંભમાં જવું જોઈએ ખાસ કરીને યુવાનો અને કિશોરોને કુંભમાં લઈ જવા જોઈએ."

### રોજગારીની નવી તકો સર્જાશે

# ૪૪ પ્રવાસન સ્થળોને જોડતા ૫૮ માર્ગો અપગ્રેડ કરાશે

અમદાવાદ,

રાજ્યમાં પ્રવાસન પ્રવૃત્તિને ગતિશીલ બનાવીને વધુને વધુ પ્રવાસીઓને આકર્ષિત કરવા પ્રવાસન સ્થળોને જોડતા માર્ગોની સુધારણાના અભિગમ સાથે રાજ્યના ૪૪ પ્રવાસન સ્થળોને જોડતા રાજ્ય અને પંચાયત હસ્તકના કુલ ૫૮ હયાત માર્ગોના અપગ્રેડેશન, વાઈડનિંગ અને સ્ટ્રેન્ધનિંગના કામો માટે ?૨૨૬૮.૯૩ કરોડ મંજૂર કર્યા છે.

આ મહત્વપૂર્ણ નિર્ણયને પગલે ટુરીઝમ ઈન્ડસ્ટ્રીને બુસ્ટ મળશે અને 'વોકલ ફોર લોકલ' ધ્યેય અંતર્ગત સ્થાનિક હસ્તકલા કારીગરીના અને ગૃહ ઉત્પાદનોના વેચાણમાં વૃદ્ધિ થવાથી જે તે વિસ્તારના લોકોનું જીવન ધોરણ સુધરશે.

રાજ્યના મહત્વના પ્રવાસન સ્થળોને જોડતા રસ્તાઓની સર્કિટના વિકાસ દ્વારા આવા પ્રવાસન સ્થળોની કનેક્ટિવિટી અને સુલભતા વધારવાનો અભિગમ પણ રાખ્યો છે. ૫૮ માર્ગોની સુધારણાથી આ અભિગમને વેગ મળવા સાથે પ્રવાસીઓને સારો અને વધુ કાર્યક્ષમ રોડ નેટવર્ક મળશે. જેના લીધે મુસાફરોની સમય અને ખર્ચ ઘટશે. આ સાથે સાથે કનેક્ટિવિટી વધવાથી પ્રવાસન સ્થળોની આસપાસના વિસ્તારના લોકો માટે નવી રોજગારની તકોનું સર્જન થશે અને આર્થિક વિકાસ થશે.

રાજ્યમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉત્તરોત્તર સંગીન બનાવીને નાગરિકો તથા ઉદ્યોગ-વ્યાપારને 'ઈઝ ઓફ ટ્રાન્સપોર્ટેશન' આપવાના ધ્યેય સાથે રાજ્યમાં ફોરલેન માર્ગોની સાપેક્ષમાં જે હયાત પુલો અને સ્ટ્રકચર્સ સાંકડા છે તેને પહોળા કરવાના ૧૧ કામો માટે ?૪૬૭.૫૦ કરોડ ફાળવવાની મંજૂરી આપી છે. આ ઉપરાંત અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણય લઈને ઔદ્યોગિક અને ક્વોરી વિસ્તારોને જોડતા ૨૯ રસ્તાઓના મજબૂતીકરણ, વિસ્તૃતિકરણ અને કાચા માર્ગોથી પાકા માર્ગો બનાવવા ?૧૮૯.૯૦ કરોડ મંજૂર કર્યા છે.

આ નિર્ણયને પરિણામે ક્વોરી મટિરિયલ્સનું પરિવહન સરળ બનશે તેમજ ગ્રામ્ય નાગરિકોને સલામત માર્ગ સુવિધા મળતી થશે. એટલું જ નહીં, ભવિષ્યમાં ઔદ્યોગિક અને ખાણ ખનીજ ક્ષેત્રને લગતા ભારે વાહન વ્યવહારને સારી સુવિધા મળતાં લોજિસ્ટિક્સ યાતાયાત ઝડપી અને સરળ બનતા આ વિસ્તારોના સર્વગ્રાહી વિકાસમાં મોટું બળ મળશે

### ગુજરાત એસટીએ લીધો મોટો નિર્ણય

# હવે ખોટા નામે ચાલતી હોટેલો પર બસ હવે નહીં ઊભી રહે

ગાંધીનગર,

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ **(GSRTC)** એ હિન્દુ નામોની આડમાં ચલાવવામાં આવતી કેટલીક હોટલોના લાઈસન્સ રદ કર્યા છે. અહેવાલો અનુસાર, આ હોટલોનું નામ કાં તો હિન્દુ હતું અથવા તેને ચલાવવા માટે કોઈ હિન્દુ માલિકના નામનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો. હવે રાજ્ય પરિવહન નિગમ એટલે કે **GSRTC** ની બસો આ હોટલો પર રોકાશે નહીં. છેલ્લા એક વર્ષમાં, **GSRTC** એ એવી હોટલોની યાદી તૈયાર કરી હતી જેમાં હિન્દુ નામોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, અથવા કેટલાક કિસ્સાઓમાં હોટલ માલિક તરીકે હિન્દુ નામ હતું પરંતુ તે મુસ્લિમ સમુદાયના લોકો દ્વારા ચલાવવામાં આવી રહ્યું હતું.

હોટલોમાં પારદર્શિતા અને યોગ્ય સંચાલન માટે આ પગલું લેવામાં આવ્યું હોવાનું કહેવામાં આવી રહ્યું છે. જે હોટલોના રજીસ્ટ્રેશન રદ કરવામાં આવ્યા છે તેમાં વડોદરા ડિવિઝનમાં અમદાવાદ-સુરત રોડ પર આવેલી સ્વાજી ઈન, હોટેલ વિશાલ, હોટેલ બસેરા અને હોટેલ સતીમાતાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ભરૂચ વિભાગ હેઠળ સુરત-અમદાવાદ રોડ પર આવેલી હોટેલ તુલસી, હોટેલ મારુતિ, હોટેલ ડાયમંડ અને હોટેલ રોનકના નામ પણ તે હોટલોમાં સામેલ છે જેમના રજીસ્ટ્રેશન રદ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, રાજકોટ વિભાગ હેઠળ ભુજ-ધાંગધ્રા -અમદાવાદ રોડ પર આવેલી હોટલ શિવશક્તિનું રજીસ્ટ્રેશન પણ રદ કરવામાં આવ્યું છે.

**GSRTC** એ ગોધરા વિભાગ હેઠળ આવતી કિસ્મત કાઠિયાવાડી (ડેલોલ) અને હોટેલ વૃંદાવન નામની હોટલોનું રજીસ્ટ્રેશન પણ રદ કર્યું છે. તેવી જ રીતે, પાલનપુર વિભાગમાં પણ, **GSRTC** એ હોટેલ ગુરુકૃપા, હોટેલ રિલીફ અને હોટેલ રોનકના રજીસ્ટ્રેશન રદ કર્યા છે. જે હોટલોના રજીસ્ટ્રેશન રદ કરવામાં આવ્યા છે તેમાં સાસણ રોડ પર આવેલી હોટલ તુલસી, ઊંઝા-મહેસાણા હાઈવે પર આવેલી હોટલ માનસી, નડિયાદ ખેડા પર આવેલી હોટલ શ્રીજી અને રાજકોટ-ચોટીલા હાઈવે પર આવેલી હોટલ સર્વોદય એન્ડ રૂમ્સનો સમાવેશ થાય છે. પ્રાપ્ત યાદી અનુસાર, **GSRTC** એ કુલ ૨૭ હોટલના લાઈસન્સ રદ કર્યા છે.

Printed, Published and Owned by **KRIPASHANKAR HARIRAM VERMA** and Printed at Shree Ganesh Offset, A/6, Subh Labh Estate, Tavdipura, Dudheshwar, Ahmedabad-380 004 and Published from 262, Shri Ganeshnagar, Visat Cross Road, Sabarmati, Ahmedabad-380 005. EDITOR : **KRIPASHANKAR HARIRAM VERMA**